# સામાન્ય સૂચનાઓ

1. ટાર્ગેટેડ ઇન્ટરવેશન પ્રોજેક્ટ સંસ્થાની પસંદગીની પ્રક્રિયા, મળેલ મંજૂરી અને નાકોની માર્ગદર્શિકા અનુસાર જ કરવામાં આવશે.
2. સદર જાહેરાત અમદાવાદ શહેર માટે ૨ માઈગ્રન્ટ પ્રોજેક્ટની કામગીરી માટે સંસ્થા પસંદગી માટે "EOI for TI" આપવામાં આવેલ છે.
3. અરજી ફક્ત રજીસ્ટર પોસ્ટ સ્પીડ પોસ્ટથી જ છેલ્લી તારીખ. ૨૫/૦૬/૨૦૨૬ ના સાંજે ૫.૦૦ કલાક સુધીમાં અમ્યુ.કો.એઇડ્સ કંટ્રોલ સોસાયટી , પ્રથમ માળ, આરોગ્ય ભવન, આસ્ટોડિયા ખાતે મળી રહે તે રીતે મોકલવાની રહેશે.
4. અરજી કવર ઉપર સ્પષ્ટ મોટા અક્ષરે "EOI for TI" તેમ જ અમદાવાદ શહેર માટે અવશ્ય લખવું જેમાં અમદાવાદ શહેરની હદમાં કાર્યરત સંસ્થાએ જ અરજી કરવાની રહેશે .
5. અધુરી/ અપૂર્ણ/ અસ્પષ્ટ/ સમય મર્યાદા બાદ મળેલી તેમજ  અધૂરા પ્રમાણપત્રો ધરાવતી અરજી રદ થવાને પાત્ર રહેશે.
6. આવેલ અરજી મુજબ ડેસ્ક રીવ્યુ માં જે સંસ્થા શોર્ટ લિસ્ટ થશે તે જ સંસ્થામાં અત્રેની કચેરીની સમગ્ર ટીમ દ્વારા સ્થળ પર જઈને ટેકનીકલ અપ્રાઇઝલ અને ફાયનાન્સીયલ અપ્રાઈઝલ કરવામાં આવશે.
7. આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઊભી થશે તો તેમ કરવાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એઇડ્સ કંટ્રોલ સોસાયટી નો સંપૂર્ણ હક/અધિકાર રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એઇડ્સ કંટ્રોલ સોસાયટી આ માટે કારણો આપવા બંધાશે નહીં.
8. કવરિંગ લેટર સાથેની અરજીમાં માંગવામાં આવેલ તમામ દસ્તાવેજ અનુક્રમણિકામાં પેજ નંબર સાથે ક્રમાનુસાર ( flag -નંબર અને વિતરણ સાથે પેજ ઉપર લગાવી શકાય તેમ )મુકવાના રહેશે.
9. અરજી કરનાર સંસ્થાઓ પૈકી ડેસ્ક રીવ્યુ દરમિયાન અગ્રતા ક્રમ ને આધારે નાકોની  માર્ગદર્શિકા અનુસાર  નિર્ધારિત સંખ્યા મુજબ સંસ્થાની સ્થળ મુલાકાત કરવામાં આવશે.
10. સંસ્થાની સ્થળ મુલાકાત બાદ  તેમના તકનીકી વિષય નિષ્ણાત દ્વારા આપવામાં આવેલ અહેવાલ અને કમિટી દ્વારા નિયત કરેલ અગ્રતાક્રમ મુજબ સંસ્થાની પસંદગી કરવામાં આવશે.
11. સ્થળ મુલાકાત થવી એ સંસ્થા પસંદગીની પ્રક્રિયા નો એક ભાગ છે, જેને પસંદગી થઇ છે એવું માની શકાશે નહીં.
12. કોઈપણ સંસ્થા દ્વારા સીધી કે આડકતરી રીતે કોઈપણ જાતના દબાણ લાવવવામાં આવશે કે અત્રેની કચેરીનો સંપર્ક કરવામાં આવશે તેવું ધ્યાને આવશે તેની અરજી રદ કરવામાં આવશે.
13. પસંદ થયેલ અને જેને કામગીરી સોંપવામાં આવશે તેવી સંસ્થાઓની યાદી અત્રેની કચેરીની વેબસાઇટ www.amcaidscontrolsociety.org. તથા https://ahmedabadcity.gov.in ઉપર મુકવામાં આવશે, તેથી કોઈએ ટેલિફોનિક કે રૂબરૂ સંપર્ક કરવો નહીં.